# આપણું યુજીવીસીએલ

અંક-૭, ફેબ્રુઆરી-માર્ચ ૨૦૧૧


BUREAU VERITAS
Certification

Certification
Awarded to

UTTAR GUJARAT VIJ COMPANY LTD.
(CORPORATE, CIRCLE(S), DIVISION(S), SUB – DIVISION(S), AREA LOAD DISPATCH CENTER OFFICE(S) & ENERGY MANAGEMENT CENTER)

REGISTERED & CORPORATE OFFICE: VISNAGAR ROAD, P.O.: MEHSANA, PIN CODE – 384 001, GUJARAT, INDIA.
CIRCLE(S), DIVISION(S), SUB – DIVISION(S), AREA LOAD DISPATCH CENTER OFFICE(S) & ENERGY MANAGEMENT CENTER: REFER ANNEXURE.

Bureau Veritas Certification (India) Private Limited certify that the Management System of the above organisation has been audited and found to be in accordance with the requirements of the standard detailed below

STANDARD
ISO 9001:2008

SCOPE OF SUPPLY
MANAGEMENT AND PERFORMANCE ENHANCEMENT OF ELECTRICITY DISTRIBUTION OPERATIONS.

PERMITTED EXCLUSION(S)
7.3 – Design and Development.

Original Approval Date: 23 December 2008
Next Recertification Due Before 21 November 2011
Subject to the continued satisfactory operation of the organisation's Management System, this certificate is valid until: 22 December 2011
To check this certificate validity please call: +91 22 6695 6300
Further clarifications regarding the scope of this certificate and the applicability of the Management System requirements may be obtained by consulting the organisation.
Date: 11 November 2010
Certificate Number: IND96001/R3

R. K. SHARMA
Director

Page 1 of 3

Certification / Managing Office Address: "Marwah Centre" 6th Floor, Krishanlal Marwah Marg, Opp. Ansa Industrial Estate, Off Saki Vihar Road, Andheri (East), Mumbai – 400 072, India.

## યુજીવીસીએલે મેળવ્યું આઈ.એસ.ઓ- ૯૦૦૧: ૨૦૦૮ પ્રમાણપત્ર



### વીજ ક્ષેત્રે માહિતી પ્રાપ્તિ અધિકાર કાયદા–૨૦૦૫નાં અમલીકરણ અંગે મહેસાણામાં વર્કશોપનું આયોજન

### 'મીટરીંગ ઈન્ડિયા એન્ડ બીયોન્ડ' વિષય પરના સેમિનારમાં મહત્ત્વના મુદ્દાઓની ચર્ચા



વર્ષ–૧ અંક–૭, ફેબ્રુઆરી–માર્ચ ૨૦૧૧
ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત

**સંરક્ષક**
શ્રી એ. કે. વર્મા, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર,
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

**સંપાદક**
શ્રી કે. કે. સથવારા, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)
શ્રી શૈલેશ એ. નાયક, આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)

**તંત્રી મંડળ**
શ્રી પી. જે. પટેલ, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી આર. જી. એન્જિનિયર, મુખ્ય ઇજનેર (પી.એન્ડ પી.)
શ્રી આર. બી. કોઠારી, જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી ડી. એમ. તિવારી, ઇન્ચાર્જ વિશેષ મહાપ્રબંધક
શ્રી ડી. સી. પરમાર, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી એસ. આર. પટેલ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રીમતિ છાયાબેન દેસાઈ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી ડી. એસ. પટેલ, અધિક્ષક ઇજનેર, પાલનપુર

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ,
રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ
વિસનગર રોડ, મહેસાણા-૩૮૦૦૦૧
www.ugvcl.com

**સંકલન અને સર્જન**
હિમાંશુ કીકાણી, www.aalekhan.com

# આ અંકમાં

સંદેશ ........ ૦૩
સિદ્ધિ ........ ૦૪
યુજીવીસીએલે મેળવ્યું આઈ.એસ.ઓ- ૯૦૦૧: ૨૦૦૮ પ્રમાણપત્ર ........ ૦૪
પહેલ ........ ૦૬
ગુજરાત વિકસાવે છે સ્વર્ણિમ સૂર્ય તીર્થ ........ ૦૬
વીજ ક્ષેત્રે માહિતી પ્રાપ્તિ અધિકાર કાયદા-૨૦૦૫નાં અમલીકરણ અંગે મહેસાણામાં વર્કશોપનું આયોજન ........ ૦૮
સમાચાર ........ ૧૦
'મીટરિંગ ઇન્ડિયા એન્ડ બીયોન્ડ' વિષય પરના સેમિનારમાં મહત્ત્વના મુદ્દાઓની ચર્ચા ........ ૧૦
મહેસાણામાં યોજાઈ ૭મી ચિંતન શિબિર ........ ૧૧
જાણકારી ........ ૧૨
વીજ અકસ્માત નિવારવાના અગત્યના રસ્તા ........ ૧૨
ભારતના ઊર્જા મંત્રી શ્રી સુશીલકુમાર શિંદે સોમનાથ મંદિરની મુલાકાતે ........ ૧૨
આપનો માસીક વીજ વપરાશ સમજવા માટે મદદરૂપ માર્ગદર્શન ........ ૧૩
પ્રતિભાવ ........ ૧૪
ચિત્રકારોની નજરે વીજવિતરણ ........ ૧૪
કાવ્યધારા ........ ૧૫
એક ક્ષણ આવશે અને શ્વાસની દોર તૂટશે ........ ૧૫
ઉન્નત ઉત્તર વીજ કંપની ........ ૧૫
સીધી લીટીનો પ્રવાસ ........ ૧૫
પાવર પ્રેરણા ........ ૧૬
પ્રેઝન્ટેશનની મૂળભૂત કુશળતા ........ ૧૬
પારખીએ પોતાની શક્તિ ........ ૧૭
પાવર કિડ્ઝ ........ ૧૮
એનર્જી ફેક્ટ્સ ........ ૧૮
મગજ કસો, સાચા જવાબ આપો ........ ૧૯



**આપણે આપણાં ધોરણોથી આગળ વધવાનું છે. આપણે આપણી કાર્યપ્રણાલીઓને વધુ સુદૃઢ બનાવવાની છે. હજી ઘણું બધું કરવાનું બાકી છે, હજી ઘણી વધુ સફળતાઓ શક્ય છે.આપણે સૌ સાથે મળીને, નિશ્ચિત ધ્યેય નક્કી કરીને આગળ વધીએ તો કશું જ અશક્ય નથી!**

પ્રિય મિત્રો,

માર્ચ મહિનો બેસતાં જ આપ સૌનાં ઘરોમાં પરીક્ષાનું ગંભીર વાતાવરણ છવાઈ ગયું હશે. ખાસ કરીને, ઉજ્જવળ કારકિર્દી માટે મહત્ત્વપૂર્ણ એવાં ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા આપી રહેલા વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ કદાચ સૌની વધુ તણાવભર્યા દિવસોનો સામનો કરી રહ્યા હશે!

આપ સૌ આ પરીક્ષાઓમાં આપની મહેનત અનુસાર, જ્વલંત સફળતા મેળવો તેવી હાર્દિક શુભેચ્છાઓ!

મિત્રો, એક રીતે જોઈએ તો આપણું સમગ્ર જીવન એક પરીક્ષા સમાન છે, પ્રત્યેક દિવસ આપણા માટે નવી કસોટીઓ અને નવા પડકારો લઈને આવે છે - પછી વાત પારિવારીક બાબતોની હોય કે પછી વ્યાવસાયિક બાબતોની.

આપણા યુજીવીસીએલની વાત કરીએ તો, આપ જાણતા હશો તેમ આપણે સૌ પણ હમણાં એક પરીક્ષા જેવા અનુભવમાંથી પસાર થયા અને એમાં શ્રેષ્ઠ સફળતા પણ પામ્યા. હું વાત કરી રહ્યો છું આઇએસઓ સર્ટિફિકેશન માટેના ઓડિટની.

આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિપ્રાપ્ત આ સર્ટિફિકેશન સહેલાઈથી મળતું નથી. એ માટે ઉચ્ચ સ્તરની, ગુણવત્તાપૂર્ણ કાર્યપ્રણાલીઓ સ્થાપવી પડે છે અને તેનું નિયમિત ધોરણે, પૂરેપૂરી લગનથી પાલન કરવું પડે છે. કોઈ પણ ક્ષેત્રમાં માત્ર કામ કરવાની સફળતા મળતી નથી. કામ ચોક્કસ આયોજન સાથે, નિશ્ચિત ધ્યેય સાથે કરવામાં આવે તો જ ધારી સફળતા મળે છે.

મને એ વાતનો આનંદ છે કે યુજીવીસીએલમાં આપણે યોગ્ય કાર્યપ્રણાલીઓ સ્થાપી શક્યા છીએ અને એટલે જ આપણને ફરી એક વાર આઇએસઓ સર્ટિફિકેશન પ્રાપ્ત થયું છે. જોકે વાત અહીં પૂરી થતી નથી. આપણે આપણાં ધોરણોથી આગળ વધવાનું છે. આપણે આપણી કાર્યપ્રણાલીઓને વધુ સુદૃઢ બનાવવાની છે. હજી ઘણું બધું કરવાનું બાકી છે, હજી ઘણી વધુ સફળતાઓ શક્ય છે.આપણે સૌ સાથે મળીને, નિશ્ચિત ધ્યેય નક્કી કરીને આગળ વધીએ તો કશું જ અશક્ય નથી!

ફરી એક વાર, જીવનના દરેક તબક્કે જ્વલંત સફળતાની શુભેચ્છાઓ!

**એ. કે. વર્મા**, આઇએફએસ
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ


BUREAU VERITAS
Certification

Certification
Awarded to

UTTAR GUJARAT VIJ COMPANY LTD.
(CORPORATE, CIRCLE(S), DIVISION(S), SUB – DIVISION(S), AREA LOAD DISPATCH CENTER OFFICE(S) & ENERGY MANAGEMENT CENTER)

REGISTERED & CORPORATE OFFICE: VISNAGAR ROAD, P.O.: MEHSANA, PIN CODE – 384 001, GUJARAT, INDIA.
CIRCLE(S), DIVISION(S), SUB – DIVISION(S), AREA LOAD DISPATCH CENTER OFFICE(S) & ENERGY MANAGEMENT CENTER: REFER ANNEXURE.

Bureau Veritas Certification (India) Private Limited certify that the Management System of the above organisation has been audited and found to be in accordance with the requirements of the standard detailed below

STANDARD
ISO 9001:2008

SCOPE OF SUPPLY
MANAGEMENT AND PERFORMANCE ENHANCEMENT OF ELECTRICITY DISTRIBUTION OPERATIONS.

PERMITTED EXCLUSION(S)
7.3 – Design and Development.

Original Approval Date: 23 December 2008
Next Recertification Due Before 21 November 2011
Subject to the continued satisfactory operation of the organisation's Management System, this certificate is valid until: 22 December 2011
To check this certificate validity please call: +91 22 6695 6300
Further clarifications regarding the scope of this certificate and the applicability of the Management System requirements may be obtained by consulting the organisation.

Certificate Number: IND96001/R3
Date: 11 November 2010

ANAB ACCREDITED

R. K. SHARMA
Director

Page 1 of 3

Certification / Managing Office Address: "Marwah Centre" 6th Floor, Krishanlal Marwah Marg, Opp. Ansa Industrial Estate, Off Saki Vihar Road, Andheri (East), Mumbai – 400 072, India.

# યુજીવીસીએલે મેળવ્યું

## આઈ.એસ.ઓ- ૯૦૦૧: ૨૦૦૮ પ્રમાણપત્ર

**કાર્યક્ષમતાના ઉંચા માપદંડ દ્વારા ગ્રાહકોને સંતોષ આપવાના પ્રયાસોને અનુલક્ષીને કંપનીએ આંતરરાષ્ટ્રીય સ્તરની વધુ એક સિદ્ધિ મેળવી.**

પોતાના ગ્રાહકોને સાતત્યપૂર્ણ તેમ જ ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો પહોંચાડીને સૌનું જીવન ધોરણ ઊંચું લાવવું એ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ (યુજીવીસીએલ)નું હંમેશનું ધ્યેય રહ્યું છે. કંપનીના હજારો કર્મચારીઓ સતત આ ધ્યેય સુપેરે પાર પાડવાની કટિબદ્ધતા સાથે પ્રયત્નશીલ રહે છે. કંપનીના આ પ્રયાસોને એક આંતરરાષ્ટ્રીય ઓળખ મળે તેમ જ  કાર્યક્ષમતાના ઊંચા માપદંડો સિદ્ધ થાય તે માટેના પ્રયાસોથી, વર્ષ ૨૦૦૮માં ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસને તારીખ ૨૩-૧૨-૨૦૦૮ની અસરથી ત્રણ વર્ષ માટે આઇએસઓ ૯૦૦૧:૨૦૦૦નું પ્રમાણપત્ર મળ્યું હતું.

હવે આપણા સૌ માટે આનંદ અને ગૌરવના સમાચાર એ છે કે આ પ્રમાણપત્રથી એક પગલું આગળ વધીને, કંપનીએ ૯૦૦૧: ૨૦૦૮નું પ્રમાણપત્ર મેળવ્યું છે.  આ પ્રતિષ્ઠિત પ્રમાણપત્ર બ્યુરો વેરીટાસ સર્ટીફીકેશન (ઈન્ડીયા) પ્રાઈવેટ લિમિટેડ કે જે આ પ્રમાણપત્ર આપવા માટેની નિયુક્ત અધિકૃત એજન્સી છે તેના દ્વારા કંપનીને એનાયત કરવામાં આવ્યું છે.

આ એજન્સીના ઉચ્ચ અધિકારીઓએ યુજીવીસીએલ કંપનીની મુલાકાત લઈને કંપની દ્વારા કરવામાં આવતાં કાર્યો નિર્ધારિત ધોરણે કરવામાં આવે છે તેની ચકાસણી કર્યા બાદ આ પ્રમાણપત્ર એનાયત કર્યુ છે. કંપનીની કામગીરીના ઓડિટની આ પ્રક્રિયામાં થોડા સમય પહેલાં કાર્યરત થયેલ એનર્જી મેનેજમેન્ટ સેન્ટર (ઇએમસી) તથા એએલડીસીનો પણ સમાવેશ કરવામાં આવેલ છે.

આ પ્રમાણપત્રનાં ધારા ધોરણોથી આપણી કંપનીના કર્મચારીઓને વાકેફ કરવા માટે ઈન્ટરનલ ઓડીટરની એક ટીમ બનાવવામાં આવી હતી. યુજીવીસીએલની આ ટીમ તેમ જ પ્રમાણપત્ર એનાયત કરતી એજન્સીના ઉચ્ચ અધિકારીઓની બનેલી એક સંયુક્ત ટીમે યુજીવીસીએલ કંપનીનાં વિવિધ સબ ડિવિઝનોની મુલાકાત લઈને કર્મચારીઓની કાર્યપ્રણાલીઓ તપાસી હતી તેમ જ કાર્યોને હજી વધુ સુદૃઢ તેમ જ અસરકારક બનાવવા માટે સલાહસૂચનો આપ્યાં હતાં.

ગુજરાત ઈલેક્ટ્રિસિટી રેગ્યુલેટરી કમિશનની ભલામણો મુજબ વીજ વિતરણ કંપનીઓનાં મુખ્ય કાર્યોમાં નીચેની બાબતોનો સમાવેશ થયતો હોય છે :

- વ્યાજબી દરે સાતત્યપૂર્ણ વીજ પુરવઠો પૂરો પાડવો
- વીજ ગ્રાહકોને ત્વરિત કાર્યક્ષમ અને અસરકારક સેવાઓ આપવી
- સંચાલનની એવી વ્યવસ્થા ગોઠવવી કે જેના નિરિક્ષણ, પુનઃ વિચારણા, જરૂરી સુધારા વધારા દ્વારા વીજ વિતરણ વ્યસ્થાને વધુ કાર્યક્ષમ બનાવી શકાય અને પ્રવર્તમાન સંજોગોને આધિન જરૂરી વિકાસ સાધી શકાય વગેરે
- યોગ્ય તાલીમ અને સંકલન દ્વારા કર્મચારીઓને અભિપ્રેરણા આપી કામ પ્રત્યે ખૂબ જ નિષ્ઠાવાન બનાવવા

આમ, આઇએસઓ ૯૦૦૧:૨૦૦૮ના ઉપયોગ દ્વારા કંપનીએ અપનાવેલ મિશન, વિઝન અને ગોલ સિદ્ધ કરવા અને તે દ્વારા ગ્રાહકોની ઉચ્ચતમ સેવા દ્વારા આગવી ઓળખ ઊભી કરવાનો આ સ્તુત્ય પ્રયાસ બની રહેશે.

કંપની દ્વારા આઇએસઓ - ૯૦૦૧:૨૦૦૮નું પ્રમાણપત્ર મેળવ્યા બાદ સારી ગુણવત્તાવાળું વ્યવસ્થાતંત્ર સ્થાપિત કરી સંસ્થાની તમામ પ્રવૃત્તિઓને ચોક્કસ માપદંડ અનુસાર વધુ કાર્યક્ષમ બનાવી શકાય





છે તેમ જ  કંપનીનું કામકાજનું સંચાલન વ્યવસાયિક ધોરણે કરી શકાય છે.

આ પ્રકારે આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત માન્યતા મળવાથી સંચાલનમાં કર્મચારીઓની નિર્ણયાત્મક ભાગીદારી થશે. જેથી જવાબદારીઓની સ્વીકૃતિ તથા સમાનતા ઊભી થશે. કંપની દ્વારા નિર્ધારિત કરવામાં આવેલ ધ્યેય, સર્વોત્તમ સેવા થકી ગ્રાહકને સંતોષ સારી રીતે પ્રાપ્ત થઇ શકશે.

આ પ્રમાણપત્રની પ્રાપ્તિ ગ્રાહકોના કંપની પ્રત્યેના વિશ્વાસને વધુ મજબૂત બનાવાશે. તેમ જ કર્મચારીની કાર્યક્ષમતામાં સતત સુધારાની પ્રક્રિયા વધુ બળવત્તર બનશે તેવી કંપનીને આશા છે.

ઉત્તર ગુજરાત વીજ કંપનીને આ ઉપરાંત પણ અનેક પ્રતિષ્ઠિત સન્માનો મળ્યાં છે. જેમ કે જ્યોતિગ્રામ યોજનાના પહેલવહેલા અમલ દ્વારા કંપનીએ સમગ્ર દેશને વીજ ક્ષેત્રે સુધારાની નવી દિશા બતાવી છે. કંપનીને ભારત સરકારના ઊર્જા મંત્રાલય તરફથી વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે માનનીય પ્રધાનમંત્રી તરફથી બ્રોન્ઝ શીલ્ડ મળ્યો છે. કંપનીએ ગ્રાહકોને વધુ સારી સેવા આપી શકાય તે હેતુસર સાબરમતી હાઇટેક મીટર લેબોરેટરી સ્થાપી છે તેમાં એમટીઇ જર્મન બનાવટની મીટર પરિક્ષણ માટેની મશીનરી દ્વારા કરવામાં આવતી સચોટ કામગીરી માટે નેશનલ એક્રિડિટેશન ફોર ટેસ્ટિંગ એન્ડ કેલિબ્રેશન લેબોરેટરી (NABL) દ્વારા અધિકૃત આઇએસઓ/આઇઇસી/૧૭૦૨૫:૨૦૦૫નું પ્રતિષ્ઠિત પ્રમાણપત્ર પણ મેળવેલ છે.

આ ઉપરાંત, કંપની દ્વારા સમગ્ર ઉત્તર ગુજરાતમાં કસ્ટમર કેર સેન્ટર દ્વારા ૨૪ કલાક વીજ ગ્રાહકોના વીજ વિતરણને લગતા પ્રશ્નોનું ત્વરિત નિવારણ થાય તેવા પ્રયત્નો હાથ ધરવામાં આવેલ છે.

વીજ બિલના નાણા ભરવા માટે પોસ્ટ ઓફિસ તથા એચ.ટી. ગ્રાહકો માટે વર્તુળ તેમજ વિભાગીય કચેરી કક્ષાએ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. વીજ વિતરણ વ્યવસ્થામાં ગ્રાહક કેન્દ્ર સ્થાને છે તે વાસ્તવિક અર્થમાં સ્વીકારવા કંપની હંમેશાં કટિબદ્ધ રહેલ છે. જેમાં આઈએસઓ ૯૦૦૧:૨૦૦૮ વધુ વિશ્વાસનું સિંચન કરશે એવી કંપનીને આશા છે.

આઈએસઓ ૯૦૦૧:૨૦૦૮ કંપનીના તમામ કર્મચારીઓએ દાખવેલી કાર્યનિષ્ઠા, કાર્યપ્રક્રિયાઓની ઉચ્ચ ગુણવત્તા અને કાર્યક્ષમતાના માપદંડને ધ્યાનમાં લઇને પ્રાપ્ત કરવામાં આવેલ છે. જેના અમલીકરણનો સમય હવે પછી તારીખ ૨૧-૧૧-૨૦૧૧ સુધીનો રહેશે. ■

## આઇએસઓ ૯૦૦૧:૨૦૦૮ પ્રમાણપત્ર માટેની ગુણવત્તા નીતિ

- પોતાના ગ્રાહકો અને હિત ધરાવતા પક્ષકારોની અપેક્ષા, સતત સુધારણા, ઉત્કૃષ્ટ સેવાઓ અને નીતિ પ્રક્રિયાથી પૂર્ણ કરવી
- જી.ઇ.આર.સી. અને અન્ય નિયમનકારી ધોરણો અનુસાર પોષણક્ષમ, સુરક્ષિત અને વિશ્વસનીય/નિરંતર વીજ પુરવઠો પૂરો પાડવો
- ત્વરિત/કાર્યક્ષમ અને અસરકારક ગ્રાહક સેવાઓ પૂરી પાડવી
- નિરંતર/સ્થાયી વિકાસ માટે પર્યાવરણીય રીતે સ્વીકૃત પદ્ધતિથી વીજ પુવઠાતંત્રનું સતત દેખરેખ નિયંત્રણ, સમીક્ષા અને સુધારણા માટે વ્યવસ્થાતંત્રની સ્થાપના
- યોગ્ય તાલીમ અને વિચારોના આદાન પ્રદાનથી કર્મચારીઓ અને સંગઠનને પ્રેરણા આપવા માટેની સબળ પ્રતિબદ્ધતા

## આઇએસઓ ૯૦૦૧:૨૦૦૮ પ્રમાણપત્રથી કંપનીને થનારા લાભ

- જેમાં પ્રત્યેક કામગીરી/પ્રવૃત્તિ સ્પષ્ટ રીતે સુનિશ્ચિત અને લેખિત સ્વરૂપમાં હોય તેવું યોગ્ય ગુણવત્તાસભર સંચાલન પદ્ધતિનું નિર્માણ
- કામકાજને લગતી બાબતોનું સંચાલન અને નિયંત્રણ વ્યાવસાયિક રીતે કરી શકાશે
- વહીવટને લગતી નિર્ણય પ્રક્રિયામાં કર્મચારીઓની સહભાગિતા  સુનિશ્ચિત કરી શકાશે, જેથી જવાબદારીની ભાવનામાં વધારો થશે
- ઉત્કૃષ્ટ સેવાથી ગ્રાહકના સંતોષનો ધ્યેય સિદ્ધ કરી શકાશે





# ગુજરાત વિકસાવે છે સ્વર્ણિમ સૂર્ય તીર્થ

**પાટણ જિલ્લામાં વિકસાવવામાં આવી રહેલો, સમગ્ર એશિયાનો સૌથી વિશાળ સોલર એનર્જી પાર્ક ગુજરાત અને સમગ્ર ભારત માટે સૌર ઊર્જાના ક્ષેત્રે નવા સૂર્યોદય સમાન સાબિત થશે.**

તાજેતરમાં, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાત પાવર કોર્પોરેશન દ્વારા વિકસાવવામાં આવી રહેલા ૫૦૦ મેગા વૉટના ગુજરાત સોલર પાર્કનો શિલાન્યાસ કર્યો. ગુજરાત સોલર પાર્ક ઉત્તર ગુજરાતના પાટણ જિલ્લાના સાંતલપુર પાસે આવેલા ચારણકા નજીક ૧૦૦૦ એકર સરકારી ખરાબાની જમીન પર, રૂા. ૧,૨૪૭ કરોડના અંદાજિત ખર્ચે આકાર લેશે.

આ પ્રસંગે મુખ્યમંત્રીએ ગુજરાત એનર્જી ટ્રાન્સ્મિશન કોર્પોરેશન (જેટકો) દ્વારા તૈયાર કરવામાં આવી રહેલા સ્માર્ટ ગ્રીડ ટ્રાન્સ્મિશન નેટવર્કનો પણ શિલાન્યાસ કર્યો હતો. ગુજરાત સરકારે સોલર પાવર જનરેટ કરનારી કંપનીઓ પાસેથી ૫૯૦ મેગા વૉટ વીજળી ખરીદવાનું એગ્રિમેન્ટ કર્યું છે.

અનેક ભારતીય અને વિદેશી કંપનીઓએ નિર્ધારિત જમીન ૩૦ વર્ષની લીઝ પર લઇ અહીં સોલર પાવર જનરેશન યુનિટ્સ સ્થાપવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત, અહીં સોલર પાવર ઉત્પન્ન કરનારી મશીનરી બનાવવાના પ્લાન્ટ્સ પણ સ્થપાશે. આ બધાનું કુલ



મૂડીરોકાણ રૂા. ૭,૫૦૦ કરોડ થશે.

મુખ્યમંત્રીશ્રીએ તેમના સંબોધનમાં કહ્યું હતું કે રાજ્યના વિશાળ રણ વિસ્તારમાં સૂર્યના કિરણ ભરપૂર માત્રમાં મળી રહે છે એ જોતાં, ભારત માટે પશ્ચિમ દિશાના ગુજરાતમાંથી સૂર્યોદય થશે. આ વિષય પર અમેરિકાની ક્લિંટન ફાઉન્ડેશન નામની સંસ્થાએ સંશોધન કર્યું છે અને ગુજરાત સરકાર સાથે સહયોગ સાધતો કરાર કર્યો છે.

મુખ્યમંત્રીશ્રીએ આ પહેલને ભારતના ભાવિ ઊર્જા પ્રયાસોના સૂર્યોદય તરીકે ઓળખાવી હતી. તેમણે વધુમાં જણાવ્યું કે આ પ્રોજેક્ટ દ્વારા ૮૦ લાખ ટન કાર્બન ડાયોકસાઇડના સ્રાવ પર રોક લગાવી શકાશે અને દર વર્ષે કોલસા જેવા નોન-રીન્યુએબલ ફ્યુઅલની ૯ લાખ ટન સુધીની બચત કરી શકાશે.





એક નજરમાં જોઇએ તો સ્વર્ણિમ સૂર્ય તીર્થ પ્રોજેક્ટ એશિયાનો સૌથી મોટો પ્રોજેક્ટ હશે, જે રાજ્યની સ્થાપનાના ગોલ્ડન જ્યુબિલી વર્ષ પ્રસંગે સૂર્યદેવની આધુનિક પૂજા સમાન છે.

સોલર પાવર અન્ય ઊર્જાના સ્રોતો કરતાં સસ્તો હોવાને કારણે ગુજરાતની ભવિષ્યની સોલર એનર્જી પોલિસી પ્રમાણે સોલરના ઉપકરણ બનાવવાના અનેક યુનિટ્સમાં રોજગાર મેળવવાની શક્યતાઓ પણ વધી જશે. ટપક સિંચાઇ અને ખાસ કરીને સૂકા ક્ષેત્રમાં સૂક્ષ્મ ખેતી કરવા માટે વાપરવામાં આવતા ફ્યુઅલ સ્રોતોને બચાવવાનાં પણ સંખ્યાબંધ પગલાં લેવામાં આવી રહ્યાં છે.

આ પ્રસંગે ગુજરાત સરકારનાં મહેસૂલમંત્રીશ્રી આનંદીબહેન પટેલ, જેઓ પાટણ જિલ્લાનાં પ્રભારીમંત્રી પણ છે, તેમણે જણાવ્યું કે સોલર પાર્ક બનવાથી ઉત્તર ગુજરાતની સિકલ ફરી જશે. તેમણે વધુમાં જણાવ્યું કે સાંતલપુર, હારીજ, ચાણસ્મા અને સમી તાલુકાના ખેડૂતોના સહકારથી આ વિસ્તારમાં પીવાનું પાણી પહોંચાડવાની સરકારની યોજનાને વેગ મળ્યો છે.

રાજ્યના ઊર્જા મંત્રી શ્રી સૌરભ પટેલે જણાવ્યું કે છેલ્લા દશકમાં ગુજરાતે કૂદકે ને ભૂસકે પ્રગતિ કરી છે. વર્તમાન વર્ષ દરમિયાન જેટકો દ્વારા રાજ્યમાં કુલ રૂા. ૨૦૦૦ કરોડના રોકાણથી ૧૪૦ સબ-સ્ટેશન્સ નાખવામાં આવશે જેમાંથી ચાર પાટણ જિલ્લામાં હશે. તેમણે કહ્યું હતું કે ગુજરાત એક માત્ર રાજ્ય છે જે ગામડાંઓમાં અઠવાડિયાના સાતેય દિવસ ૨૪ કલાક વીજળી આપે છે. રાજ્ય તરફથી એ પણ સુનિશ્ચિત કરવાની યોજના છે કે દરેક ઘરમાં વીજળી હોય.

## સોલર પાર્કની વિશેષતાઓ



- સમગ્ર એશિયાનો આ સૌથી મોટો પાવર પ્લાન્ટ બનશે.
- અનેક ભારતીય અને વિદેશી કંપનીઓએ અહીં સોલર પાવર જનરેટ કરતાં એકમો સ્થાપવાનો નિર્ણય કર્યો છે.
- અનેક કંપનીઓ અહીં સોલર પાવર જનરેશન માટેની મશીનરી ઉત્પાદિત કરતાં એકમો પણ સ્થાપશે.
- ચારણકા ખાતે ગુજરાત સોલર પાર્કના ફેઝ-૧ નિમિત્તે એક પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સોલર પેનલ, રાજ્યની સોલર પોલિસી, સોલર એનર્જી પોલિસી, એનર્જી ટ્રાન્સમિશન, એન્વાયર્નમેન્ટલ પ્રોટેક્શન, ઊર્જા શક્તિ અને શિક્ષણ વિશેની પહેલ વગેરે સામેલ હતા. આ પ્રદર્શન જોવા લોકોના ટોળેટોળાં ઉમટ્યાં હતાં.

આઇએફસીનાં પ્રતિનિધિ શ્રી અનિતા જ્યોર્જે ગુજરાત સરકારની પહેલને બિરદાવીને આવનારા પ્રોજેક્ટ માટે સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી હતી.

આ પ્રસંગે સંસદ સભ્ય શ્રી નટુજી ઠાકોર, જેડાના ચેરમેન શ્રી ઇશ્વરભાઇ ભાવસાર, ધારાસભ્યો શ્રી ભાવસિંહજી તેમ જ શ્રી રજનીભાઇ પટેલ, પ્રિન્સિપલ સેક્રેટરી (ઊર્જા) શ્રી ડી. જે. પાંડિયન, જીએસપીસીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી તપન રાય, ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ કોર્પોરેશનના જનરલ મેનેજર અને જેટકોના મેનેજિંગ ડિરેક્ટર શ્રી એસ. કે. નેગી, ડિસ્ટ્રિક્ટ કલેક્ટર શ્રી જે. જી. હિંગરાજિયા અને અન્ય મહાનુભાવો ઉપસ્થિત હતા. ■



# વીજ ક્ષેત્રે માહિતી પ્રાપ્તિ અધિકાર કાયદા-૨૦૦૫નાં અમલીકરણ અંગે મહેસાણામાં વર્કશોપનું આયોજન

માહિતીનું સરળ અને સુગમ આદાન-પ્રદાન લોકશાહીનો પાયો છે. આ પાયો વધુ મજબૂત કરવા માટે જ ભારતમાં માહિતીના અધિકારનો કાયદો અસ્તિત્ત્વમાં આવ્યો છે. આપણી યુજીવીસીએલ કંપનીમાં પણ વહીવટમાં પારદર્શિતા લાવવા માટે તેમ જ ગ્રાહકોનો કંપની પરનો વિશ્વાસ વધુ દઢ થાય તે માટે માહિતીના અધિકારના અસરકારક અમલ પર ખાસ ભાર મૂકવામાં આવે છે.

આ જ હેતુથી, તાજેતરમાં યુજીવીસીએલ અને જેટકોના સંયુક્ત ઉપક્રમે માહિતીના અધિકાર વિષય પર એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વર્ણિમ ગુજરાતની ઉજવણીના ભાગરૂપે, વીજ ક્ષેત્રે માહિતી પ્રાપ્તિ અધિકાર કાયદા ૨૦૦૫નું સુચારુ અમલીકરણ થાય તે હેતુથી આ કાર્યશાળા મહેસાણામાં જનપથ હોટલના કોન્ફરન્સ હોલમાં ૧લી ફ્રબ્રુઆરી ૨૦૧૧ના રોજ યોજાઈ હતી. સમગ્ર આયોજન મહેસાણા વર્તુળ કચેરી દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યશાળામાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના વાઈસ પ્રેસિડેન્ટ (કોઓર્ડિનેશન) શ્રી દિનેશ પટેલને રીસોર્સ પર્સન તરીકે આમંત્રિત કરવામાં આવ્યા હતા. આયોજનનો હેતુ હતો કે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હેઠળની તમામ વીજ




**માહિતી પ્રાપ્તિ અધિકાર કાયદા ૨૦૦૫નું અસરકારક અમલીકરણ થાય તે અંગે મહેસાણા ખાતે જનપથ હોટલના કોન્ફરન્સ હોલમાં વર્કશોપનું આયોજન થયું હતું**

વિતરણ કંપનીઓ, પ્રવહન તથા વીજ ઉત્પાદન કરતી કંપનીઓના જાહેર માહિતી અધિકારીઓ આ કાયદા અંગે ઝીણવટભરી માહિતીથી પરિચિત થાય અને સંસ્થાના તથા ગ્રાહકોના હિતને અનુલક્ષીને તેનું અમલીકરણ કરી શકે. આ કાર્યક્રમમાં શ્રી દિનેશ પટેલ ઉપરાંત શ્રી કે. કે. સોની, જનરલ મેનેજર (એચ.આર.), જીયુવીએનએલ, શ્રી સી. એલ. શર્મા, વિશેષ મુખ્ય ઇજનેર (વિજિલન્સ), યુજીવીસીએલ, શ્રી પી. એ. પટેલ, ઇન્ચાર્જ વિશેષ મુખ્ય ઇજનેર જેટકો, શ્રી પી. વી. પટેલ, અધિક્ષક ઇજનેર જેટકો, શ્રીમતી છાયાબેન દેસાઇ, અધિક્ષક ઇજનેર, મહેસાણા સર્કલ, વિશેષ મહાપ્રબંધક શ્રી ડી. એમ. તિવારી ઉપરાંત યુજીવીસીએલ અને જેટકોના નિયુક્ત કરેલા ૧૫૦ જેટલા જાહેર માહિતી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પ્રારંભે, જનરલ મેનેજર (એચ.આર.) શ્રી કે. કે. સોનીએ માહિતી આપતાં જણાવ્યું હતું કે, પ્રત્યેક જાહેર સતામંડળના કામકાજમાં પારદર્શિતા અને જવાબદારીને ઉત્તેજન આપવાના હેતુથી જાહેર સતા મંડળોના નિયંત્રણ હેઠળની માહિતી નાગરિકો મેળવી શકે તેવા માહિતીના અધિકારના વ્યવહારુ તંત્રની રચના કરવા કેન્દ્રીય અને રાજ્ય માહિતી પંચો અને તેની સાથે સંકળાયેલી બાબતો માટેની જોગવાઈ કરવા બાબતનો આ અધિનિયમ છે.

આ કાયદા અંગેની કાર્યશાળા ગ્રેટ્રી વડોદરા ખાતે યોજાઈ હતી ત્યારબાદ તેની સચોટ જાહેર માહિતી અધિકારીઓ સુધી પહોંચાડી શકાય તેવા ઉદ્દેશયથી કંપનીના સર્કલમાં વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. તેઓએ જણાવ્યું કે શ્રી દિનેશ પટેલ આ કાયદાના અમલીકરણના તલસ્પર્શી અભ્યાસુ રહ્યા છે અને સમગ્ર ગુજરાતમાં આ કાયદા અંગેની માહિતી ધરાવનાર તજજ્ઞ તરીકે નામના ધરાવે છે.

વર્કશોપના રીસોર્સ પર્સન શ્રી દિનેશ પટેલે ટૂંકમાં આ કાયદાનો પરિચય આપી શરૂઆતમાં ઊભી થયેલી





ગૂંચવણો દૂર કરવા સેમિનારો યોજવામાં આવેલ હોવાનું જણાવ્યું હતું. તેઓએ વિગતવાર સમજ આપતાં કહ્યું હતું કે જરૂરી માહિતી સમયસર બને તેટલી વહેલી આપવી તથા ન આપવા પાત્ર માહિતી કાયદાની જોગવાઇઓને ધ્યાને લઈ ન આપવી. તેમણે જણાવ્યું કે આ કાયદાને લીધે જાહેર સતામંડળોની કામકાજ અંગે નાગરિકોને જાણકારી આપવી, સંસ્થાના કામકાજમાં પારદર્શિતા લાવવી અને કામકાજ અંગેની જવાબદારી કોની તે જાણી શકાય તે જરૂરી છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આ કાયદાથી ભ્રષ્ટાચારને નાથવાનું મહત્ત્વનું કામ થઇ શકે. કાયદો ખૂબ જ સાદો અને સરળ છે જે સામાન્ય નાગરિક પણ સરળતાથી જાણી શકે છે.

તેઓએ કેન્દ્રની માહિતી આયોગ તથા ગુજરાત માહિતી આયોગ, હાઇકોર્ટ સુપ્રીમ કોર્ટના અદ્યતન ચૂકાદાઓને ધ્યાને લઇ દરેક પાસા ઉપર ઝીણવટતાથી માહિતી આપી માર્ગદર્શન પૂરી પાડેલ હતા.

આ કાયદાની તમામ બાબતોમાં નિર્ણયની આખરી સત્તા ઈન્ફર્મેશન કમિશનરને આપવામાં આવેલ છે, જેના નિર્ણયને પડકારી શકાતો નથી. પરંતુ જ્યારે પક્ષકારને તેનાથી સંતોષ ન થાય તેવા સંજોગોમાં બંધારણીય અધિકાર રીટ પીટીશનના માધ્યમથી હાઇકોર્ટ તથા સુપ્રિમ કોર્ટમાં જઈ શકે છે. પરંતુ ત્યારે એવું માનવામાં આવે છે કે માનવ અધિકારના હિતને ધ્યાનમાં લઇને જ આ અંગે ચૂકાદો આપવામાં આવે છે, માહિતી અધિકારીના કાયદા હેઠળ નહીં. વર્કશોપના અંતિમ ચરણમાં કાર્યક્રમની પૂર્ણાહુતિ સમયે ખૂબ સારા પ્રશ્નો પૂછવા બદલ શ્રી પટેલે ભાગ લેનાર તમામ અધિકારીઓનો આભાર માન્યો હતો. મહેસાણા સર્કલ દ્વારા સમગ્ર કાર્યક્રમ માટે કરવામાં આવેલ સુંદર વ્યવસ્થા અંગે શ્રી કે. કે. સોનીએ અભિનંદન આપી આભારની લાગણી વ્યક્ત કરી હતી. ■

## जानने का हक है

मेरे सपनों को जानने का हक रे
क्यों सदियों से टूट रही है
इनको सजने का नाम नहीं

मेरे हाथों को जानने का हक रे
क्यों बरसों से खाली पडे हैं
इन्हें आज भी काम नहीं है

मेरे पैरों को यह जानने का हक रे
क्यों गाँव गाँव चलना पडा रे
क्यों बस की निशान नहीं

मेरी भूक को जानने का हक रे
क्यों गोदामों में सडते हैं दाने
मुझे मुट्ठी भर दाना नहीं

मेरी बूढी माँ को जानने का हक रे
क्यों गोली नहीं सुई दवाखाने
पट्टी टाकने का सामान नहीं

मेरे खेतों को यह जानने का हक रे
क्यों बांध बने हैं बडे बडे
तो भी फसल में जान नहीं

मेरे जंगलो को यह जानने का हक रे
कहां डालियां वोह पत्ते टेल मिट्टी
क्यों झरनों का नाम नहीं

मेरी नदियों को यह जानने का हक रे
क्यों जहर मिलाये कारखाने
जैसे नदियों में जान नहीं

मेरे गाँव को यह जानने का हक रे
क्यों बिजली न सडकें न पानी
खुली राशन की दुकान नहीं

मेरे वोटों को यह जानने का हक रे
क्यों एक दिन बडे बडे वादे
फिर पांच साल काम नहीं

मेरे राम को यह जानने का हक रे
रहमान को यह जानने का हक रे
क्यों खून बह रहे सडकों में
क्यों सब इन्सान नहीं

मेरी जिंदगी को यह जानने का हक रे
अब हक के बिना भी क्या जीना
यह जीने के समान नहीं

# ‘મીટરિંગ ઈન્ડિયા એન્ડ બીયોન્ડ’ વિષય પરના સેમિનારમાં મહત્ત્વના મુદ્દાઓની ચર્ચા




**મીટર દ્વારા વીજ વિતરણ એ ભારતમાં ગંભીર વિચારણા માગી લેતો એક જટિલ મુદ્દો છે. સમગ્ર ભારતમાં મીટર દ્વારા જ વીજવિતરણ કરવા પર ભાર મૂકતા સેમિનારમાં આ મહત્ત્વના મુદ્દાની સાથે ભારતમાં સ્માર્ટ ગ્રીડ રચવાની પણ ચર્ચા થઈ.**

ઇન્ડિયન ઇલેક્ટ્રિકલ એન્ડ ઇલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (આઇઇઇએમએ) એક એવી રાષ્ટ્રીય સંસ્થા છે જે ઇલેક્ટ્રિકલ મેન્યુફેક્ચરર, ઇલેક્ટ્રોનિક્સ પ્રોફેશનલ્સ તેમ જ ઉપકરણોથી સંબંધિત લગભગ ૫૫૦ સભ્યોની બનેલી છે.

દરેક વ્યક્તિ જાણે છે કે જ્યાં જ્યાં વીજળીનું કનેક્શન આપ્યું હોય ત્યાં મીટર લગાવવું આવશ્યક છે. પરંતુ ભારતમાં મીટર લગાવવું એક જટિલ સમસ્યા છે. જ્યાં વીજળી કનેક્શન હોય ત્યાં મીટર લગાવવા માટેના મુદ્દા પર આઇઇઇએમએ મીટર ડિવિઝન તરફથી ૨૦-૨૧ ફેબ્રુઆરીએ ૪થો સેમિનાર યોજાયો હતો. સેમિનારનો વિષય હતો ‘મીટરિંગ એન્ડ બિયોન્ડ’ એ સેમિનારનો મુખ્ય ઉદ્દેશ્ય હતો કે જ્યાં વીજળી દરેકને માટે એ સિદ્ધાંત પર કાર્ય થતું હોય તો દરેક વીજળી કનેક્શન પર મીટર પણ હોવાં જ જોઇએ. આ સેમિનારમાં કુલ ૨૭૫ સહયોગીઓએ ભાગ લીધો હતો જેમાં યુટિલિટી, ઇલેક્ટ્રિસિટી ટેરિફ રેગ્યુલેટર્સ, આઇટી સોલ્યુશન્સ આપનારી કંપનીઓ, ટેસ્ટિંગ એન્ડ રીસર્ચ ઇન્સ્ટિટ્યુશન્સ, યુટિલિટી સર્વિસ પ્રોવાઇડર્સ, કન્સલ્ટન્ટ્સ, વીજળીના મીટર બનાવનારા મેન્યુફેક્ચરર્સ અને પોલિસી મેકર્સ વગેરે સામેલ હતા.

ભારત સરકારના ઊર્જા મંત્રાલયના જોઇન્ટ સેક્રેટરી શ્રી દેવેન્દર સિંઘ દ્વારા સેમિનારનું ઉદ્‌ઘાટન થયું હતું. આઇઇઇએમએના અધ્યક્ષ શ્રી વિમલ મહેન્દ્રુએ તેમના ભાષણમાં જણાવ્યું હતું કે ભારત સરકારનો હેતુ દરેકને વીજળી આપવાનો હોય તો દરેક કનેક્શન મીટર સાથે જોડાયેલાં હોય તે પણ આવશ્યક છે. મીટર ડિવિઝનના ચેરમેન શ્રી સુનિલ સંઘવીએ જણાવ્યું કે પ્રેઝન્ટેશન માટે ૪૫ પેપર્સ આવ્યાં હતાં તેમાંથી ૨૬ પસંદ કરવામાં આવ્યાં હતાં અને તેમાં મીટર મેન્યુફેક્ચરર્સ, યુટિલિટી, આઇટી કંપનીઓ, લેબોરેટરી અને સહયોગીઓનાં પેપર્સ સામેલ હતાં.

સેમિનારમાં ઉપસ્થિત મહાનુભાવોમાં શ્રી જી. અશોક કુમાર (ડિરેક્ટર જનરલ, બીઇઇ), શ્રી એન. મુરુગસન (ડિરેક્ટર જનરલ, સીપીઆરઆઇ) શ્રી આલોક ગુપ્તા (ચીફ એન્જિનિયર, સીઇએ) શ્રી અજય નિરુલા ( હેડ ઓપરેશન્સ, એનડીપીએલ), શ્રી અરુણ વર્મા (મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ) અને શ્રી યુ. એસ. માણે (જીએમ-આઇટી, એમએસઇડીસીએલ) સામેલ હતા.




ઇલેક્ટ્રિસિટી એક્ટ ૨૦૦૩ના સેક્શન (૫) પ્રમાણે મીટર વગર કોઇ કનેક્શન આપવું ન જોઇએ અને તે મીટર કાર્યશીલ હોવું જોઇએ. અનેક રાજ્યોમાં લગભગ ૭૦-૮૦ ટકા મીટર વંચાય છે, બાકીના મીટર કાં તો વંચાતા નથી અથવા ક્યારેક જ વંચાય છે. ઇલેક્ટ્રિસિટી એક્ટ ૨૦૦૩ના સેક્શન ૫૫ અનુસાર મીટર વિતરણ કંપની, ટ્રાન્સમિશન કંપની અને મેળવનાર વ્યક્તિ માટે રેગ્યુલેટર કમિશન તરફથી મળેલી ગાઇડલાઇન્સ પ્રમાણે મીટર ઇન્સ્ટોલ કરવા માટેનો આદેશ આપવામાં આવ્યો છે.

પાવર મિનિસ્ટ્રીના સહયોગથી ચાલતા અનેક રાજ્યોના રેગ્યુલેટરી કમિશનોએ આરજીજીવીવાય અને આર-એપીડીઆરપી જેવા કાર્યક્રમો કરી ૧૦૦ ટકા મીટર આપી પાવર સપ્લાય કરવા માટે ભાર મૂક્યો છે. આથી મીટરની માગ વધી રહી છે. આજે ભારતમાં દર વર્ષે ૨૦ મિલિયન મીટર બને છે.

આખા ભારતમાં ઇલેક્ટ્રિકલ નેટવર્કમાં સ્માર્ટ ગ્રીડ માટેનો પાયો તૈયાર કરવાના હેતુથી ધ ઇન્ડિયન સ્માર્ટ ગ્રીડ ફોરમ લોંચ કરવામાં આવ્યું છે. આ ફોરમ માટે તૈયાર થયેલાં કાર્યોમાં આઇઇઇએમએ મહત્ત્વપૂર્ણ ભાગ ભજવશે. ■

# મહેસાણામાં યોજાઈ ૭મી ચિંતન શિબિર

**મહેસાણા ખાતે યોજાયેલી ચિંતન શિબિરમાં જાણીતા આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિશંકરના માર્ગદર્શનમાં ગુજરાત સરકારના મહાનુભાવોએ ઉત્સાહભેર ભાગ લીધો ને જીવનમાં નવી ઊર્જાના સંચારનો અનુભવ કર્યો**

તાજેતરમાં ગુજરાત સરકાર દ્વારા મહેસાણા ખાતે સાતમી ચિંતન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીઓ, બ્યુરોક્રેટ્સ, વરિષ્ટ રાજ્ય સચિવો, જિલ્લા કલેક્ટર્સ અને જિલ્લા વિકાસ અધિકારીઓ સહિત કુલ ૧૯૦ લોકોએ ભાગ લીધો હતો. યુજીવીસીએલના ચેરમેન શ્રી ગુરુપ્રસાદ મહાપાત્રએ પણ ભાગ લીધો હતો.

ચિંતન શિબિરના બીજા દિવસે જાણીતા આધ્યાત્મિક ગુરુ શ્રી શ્રી રવિશંકરે તેમના પ્રવચન દ્વારા સારા પ્રબંધન માટે પરફેક્ટ લાઇફ મેનેજમેન્ટ વિશે જણાવ્યું હતું. આ પ્રવચન દ્વારા ઉપસ્થિત ગણમાન્ય વ્યક્તિઓને લોકસેવાની સુંદરતા, નિષ્ઠા અને અસાધારણ કીર્તિ વિશે જાણવા મળ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત દરેક સભ્યોએ યોગ અને પ્રાણાયામ કર્યાં હતાં.

ઉપસ્થિત અધિકારીઓએ જણાવ્યું હતું કે જે રીતે શ્રી શ્રી રવિશંકરે પ્રાચીન સમયના યોગ અને ધ્યાનને આધુનિક સમય સાથે જોડ્યાં છે તે પ્રશંસનીય છે. ત્રણ દિવસનો ચિંતન શિબિરનો કાર્યક્રમ સૌ માટે લાભદાયક નીવડ્યો હતો. એક અધિકારીએ જણાવ્યું કે આ ચિંતન શિબિરમાં ભાગ લેવાથી તેઓ તણાવમુક્ત બન્યા છે અને વધુ સ્વસ્થતાનો અનુભવ કરે છે. જ્યારે બીજા એક અધિકારીએ જણાવ્યું હતું કે ''આ જીવનનો એક અદભુત અનુભવ હતો, જેના દ્વારા હું વધુ સર્જનાત્મક, ઊર્જાવાન અને આશાવાદી બન્યો છું. આ પ્રક્રિયા મને મારા કામની સફળતામાં વધુ સારું કામ કરવાની ઊર્જા આપશે અને લોકોને વધુ સારી સેવા આપવા સફળ થઇ શકીશ. હું દરેક વ્યક્તિને આ વર્કશોપમાં સામેલ થવા માટે ભલામણ જરૂર કરીશ.''

બીજા અનેક અધિકારીઓ અને ભાગ લેનારાઓએ જણાવ્યું કે આ અનુભવથી તેમનામાં સારો બદલાવ આવ્યો છે અને શીખેલી ટેકનિકને નિયમિત કરવા માટે મનને મજબૂત બનાવીશું.

વર્કશોપથી વ્યક્તિગત શી અસર થઇ અને તે અસરની ઓફિસ પ્રબંધન પર શી અસર થઇ તે વિશે શ્રી શ્રી રવિશંકરે જણાવ્યું કે દરેક વ્યક્તિની ઇચ્છાઓ, જવાબદારી અને મહત્વાકાંક્ષા હોય છે પરંતુ દરેક વ્યક્તિએ પોતાની ઇચ્છાઓને ઓછી કરી જવાબદારી સ્વીકારવી જોઇએ જેથી જીવનમાં ખુશી મળી શકે. જે વ્યક્તિ પાસે દૃષ્ટિ, પ્રમાણિકતા અને સહાનુભૂતિ હોય છે અને જે પોતાની કાર્યક્ષમતા વધારી શકે છે તે પોતાનાં કાર્યોમાં સફળતા અવશ્ય મેળવે છે. ઓફિસમાં વધુ સારી રીતે કમ્યુનિકેશન થઇ શકે તે માટે પોતાની આસપાસના વાતાવરણ અને ચીજવસ્તુઓ પ્રત્યે આત્મીયતા કેળવવાની



**શ્રી શ્રી રવિશંકરે ત્રણ સી વિશે જણાવતાં કહ્યું હતું કે જેમાં કન્ટેક્સ્ટ, કમિટમેન્ટ અને કમ્પેશન ભેગાં થાય તો ભ્રષ્ટાચાર જ નહીં પરંતુ સરકાર સામે આવેલા અનેક પડકારોને ઝીલી શકાશે.**

આવશ્યકતા પર શ્રી શ્રી રવિશંકરે ભાર મૂક્યો હતો.

ચિંતન શિબિરના ત્રીજા દિવસે મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે ગુજરાત સરકાર દ્વારા ઉત્તમ પ્રશાસનની પ્રેક્ટિસ અને સફળ પ્રયોગોની થયેલી શરૂઆતને આખા રાષ્ટ્ર માટે લાભદાયી બનાવવી જોઇએ. ડૉ. અજય કુમારે 'આઉટ ઓફ ધ બોક્સ થિંકિંગ ફોર સોશિયલ ઇમ્પેક્ટ' (સામાજિક અસરકારકતા માટે કંઇક અલગ વિચારવાની શક્તિ કેળવવી જોઇએ) વિષય પર પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ગુજરાતમાં શરૂ થયેલી જ્યોતિગ્રામ યોજના દ્વારા ગુજરાતના ૧૮૦૦૦ ગામડાઓને સતત વીજળી પહોંચાડવાની પહેલ આખા દેશ માટે એક મોડેલ સમાન છે. તેમણે સુઝાવ પણ આપ્યો કે ઉત્પાદન અને સેવાઓને દૂર-સુદૂરના સ્થળોએ લઇ જવા માટે સમયની બચત અને સ્થાનિક ઉદ્યોગઉત્સાહી લોકોને સાથે રાખીને કાર્ય કરવું જોઇએ.

મંત્રી શ્રી જયનારાયણ વ્યાસે જણાવ્યું કે દરેકે નવી વસ્તુઓને ખુલ્લા મન અને મસ્તિષ્કથી અપનાવવા જોઇએ અને ગુજરાત પણ એ જ કરી રહ્યું છે.

શ્રી શ્રી રવિશંકરે જણાવ્યું કે આપણો દેશ ઘઉં, ફળો અને ચારાના ઉત્પાદનમાં અગ્ર છે. ગુજરાત ખેતીમાં સૌથી આગળ છે. આખી સૃષ્ટિમાં અદૃશ્ય ઊર્જા વહી રહી છે. તેમણે સૌને પોતાની જરૂરિયાતને ઓછી કરવા પર ભાર મૂક્યો.

શ્રી શ્રી રવિશંકરે જણાવ્યું કે સકારાત્મક વાઇબ્રેશનની પાણી, વૃક્ષો અને સંપૂર્ણ પર્યાવરણ પર ખૂબ અસર થાય છે. તમારી જરૂરિયાત પર નિયંત્રણ તમે પોતે જ રાખી શકો છો અને તે માટે યોગ, પ્રાણાયામ અને ધ્યાન કરવું આવશ્યક છે.

તેમણે જણાવ્યું કે સ્વની સાથે વાર્તાલાપ કરવો જોઇએ. તેમણે ટીમ બનાવવા માટેની ખાસ ટિપ આપી. તેમણે જણાવ્યું કે આપણે આપણી અંતઃસ્ફૂરણા દ્વારા જે કાર્ય કરીએ તેમાં હંમેશાં સફળ જ થઇએ છીએ.

તેમણે કહ્યું કે કોઇ આપણી ટીકા કરે તો તેને ગુસ્સે થયા વગર સ્વીકારી લેવી જોઇએ.

આધ્યાત્મિક ગુરુએ અનેક ઉદાહરણો આપીને સારા પ્રબંધન માટે મુખ્યત્વે તણાવમૂક્તિ અને ટીમ બિલ્ડિંગ પર આવશ્યક ટિપ્સ પણ આપી હતી અને જણાવ્યું હતું કે આમ કરવાથી સમાજમાં જબરજસ્ત બદલાવ આવી શકે છે. તેમણે આ પ્રકારની બ્રિધિંગ ટેકનિકથી આસપાસના વાતારવણમાં અને વ્યક્તિઓમાં કેવા સકારાત્મક ફેરફારો આવે છે તે વિશે પણ સ્પષ્ટતા કરી હતી. તેમણે ત્રણ સી વિશે જણાવતાં કહ્યું હતું કે કોન્ટેક્સ્ટ, કમિટમેન્ટ અને કમ્પેશન ભેગાં થાય તો ભ્રષ્ટાચાર જ નહીં પરંતુ સરકાર સામે આવેલા અનેક પડકારોને ઝીલી શકાશે. ■

# વીજ અકસ્માત નિવારવાના અગત્યના રસ્તા

**જિંદગી તો છે, કિંમતી અમાનત, રાખો અકસ્માતથી કાયમ સલામત**


આ સ્લોગનને સમજીને આપણે સૌ કાર્ય કરીએ તો સુરક્ષિત જીવન જીવી શકીશું.

જ્યારે કોઇ કંપની વીજળીને લગતાં કાર્યો કરે છે ત્યારે તેને સંબંધિત ઘરેલુ તેમજ ઓફિસને લગતા અકસ્માત થઇ શકે છે પરંતુ કંપનીના કેટલાક પ્રયત્નોથી તે અકસ્માતો દૂર કરી શકાય છે. આવું જ એક કાર્ય કર્યુ છે ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણા તરફથી વીજ અકસ્માત નિવારવાના અગત્યના કેટલાક રસ્તા બતાવ્યા છે જે નીચે પ્રમાણે છે.



- કપડાં સૂકવવા માટે શક્ય હોય ત્યાં સુધી ધાતુના તારનો ઉપયોગ ટાળવો અને તેમ છતાં ધાતુનો તાર વાપરવામાં આવે તો તાર વીજલાઇન કે તેના કોઇપણ ભાગના સંપર્કમાં ન આવે તે રીતે બાંધવો.
- વીજલાઇનના થાંભલાઓના સંપર્કમાં રહેવાનું ટાળવું.
- વીજલાઇનોના તૂટેલા તારને કોઇપણ સંજોગોમાં અડકવું નહીં અને તાત્કાલિક વીજ કંપનીની ઓફિસના જાણ કરવી જેથી અકસ્માત નિવારી શકાય.
- વીજલાઇનોની નીચે તથા તેના થાંભલાઓ નજીક કોઇપણ પ્રકારનું બાંધકામ કરવું નહીં.
- ભીના હાથે વીજ સાધનોને તથા સ્વિચોને અડકવું નહીં.
- વીજ સાધનો માટે યોગ્ય ક્ષમતાના ફ્યૂઝ, એમ.સી.બી તથા ઇ.એલ.સી.બી. નો ઉપયોગ કરવો જોઇએ. ૫ કિલોવૉટ કે તેથી વધુના વીજભાર માટે અર્થ લીકેજ સર્કિટ બ્રેકર (ઇ.એલ.સી.બી.)નો ઉપયોગ કરવો ફરજિયાત છે.
- વીજલાઇનો નીચે વાહનો ઊભાં કરવાં નહીં, તેમ જ વધુ ઊંચાઇના વાહનો વીજલાઇનો નીચેથી સાવચેતીપૂર્વક પસાર કરવામાં આવે તેની ખાસ કાળજી લેવી.
- વીજલાઇનોની નીચે અથવા તેનો થાંભલાઓ કે તાણીયાઓ સાથે પ્રાણીઓને બાંધવા નહીં.
- તૂટેલી સ્વિચો તાત્કાલિક બદલાવી નાખવી જોઇએ તેમજ ઓવરલોડિંગ નથાય તે હેતુસર એક પ્લગમાં એકથી વધુ વીજસાધનો જોડવા નહીં.
- વીજસ્થાપનોના નિર્માણ અને નિભાવની કામગીરી જરૂરી લાયકાતો અને અધિકૃતતા ધરાવતી એજન્સી/વ્યક્તિઓ પાસે જ કરાવવી.
- વીજસ્થાપન વખતે યોગ્ય રીતે અર્થિંગ કરવું.
- વીજસ્થાપનના મીટર બોક્સ સ્વમેળે ખસેડવા નહીં.
- વીજલાઇનો ઉપર લંગર નાખીને વીજ પ્રવાહ લેવો નહીં, આવું કાર્ય અકસ્માત નોતરે છે.

વીજ વિક્ષેપની મુશ્કેલીના નિવારણ માટે રૂબરૂ, ફોન દ્વારા કે લેખીતમાં કંપનીની નજીકની પેટા વિભાગીય (સબ ડિવિઝન) કચેરીનો સંપર્ક કરવો. ■



## ભારતના ઊર્જા મંત્રી શ્રી સુશીલકુમાર શિંદે સોમનાથ મંદિરની મુલાકાતે

૧૯મી ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ ભારત સરકારના ઊર્જા મંત્રી શ્રી સુશીલકુમાર શિંદે ગુજરાતના અંગત પ્રવાસે આવ્યા હતા. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની સાબરમતી સર્કલ ઓફિસના અધિકારી દ્વારા તેમનું એરપોર્ટ ઉપર સ્વાગત કરવામાં આવેલ. બીજા દિવસે તેઓ તેમના પરિવાર સાથે સોમનાથ મંદિર જવા રવાના થયા હતા.

# આપનો માસીક વીજ વપરાશ સમજવા માટે મદદરૂપ માર્ગદર્શન

| ઉપકરણ | અંદાજીત વૉટેજ | એક યુનિટના વપરાશ થવા માટેનો અંદાજીત સમય |
|---|---|---|
| વીજળીનો ગોળો | ૨૫ | ૪૦ કલાક |
| વીજળીનો ગોળો | ૪૦ | ૨૫ કલાક |
| વીજળીનો ગોળો | ૬૦ | ૧૬ કલાક ૪૦ મિનિટ |
| વીજળીનો ગોળો | ૧૦૦ | ૧૦ કલાક |
| ફ્લોરોસન્ટ ટ્યુબલાઈટ ૪૮ | ૫૫ | ૧૮ કલાક ૧૦ મિનિટ |
| (ટ્યુબ + કોપર ચોક) | ૫૫ | ૧૮ કલાક ૧૦ મિનિટ |
| ફ્લોરોસન્ટ ટ્યુબલાઈટ ૪૮ (ટ્યુબ + કોપર ચોક) | ૩૫ | ૨૮ કલાક ૩૦ મિનિટ |
| કોમ્પેક્ટ ફ્લોરોસન્ટ લેમ્પ ૫ વોટ | ૭ | ૧૪૩ કલાક |
| કોમ્પેક્ટ ફ્લોરોસન્ટ લેમ્પ ૯ વોટ | ૧૧ | ૯૦ કલાક ૫૫ મિનિટ |
| કોમ્પેક્ટ ફ્લોરોસન્ટ લેમ્પ ૧૧ વોટ | ૧૩ | ૭૭ કલાક |
| કોમ્પેક્ટ ફ્લોરોસન્ટ લેમ્પ ૨૫ વોટ | ૨૭ | ૩૭ કલાક |
| નાઈટ લેમ્પ | ૧૫ | ૬૬ કલાક ૪૦ મિનિટ |
| સીલિંગ ફેન ૩૬/૪૮ | ૫૦ | ૨૦ કલાક |
| સીલિંગ ફેન ૫૬ | ૬૦ | ૧૬ કલાક ૪૦ મિનિટ |
| ટેબલ ફેન નાનો ૧૨/૧૬ | ૪૦ | ૨૫ કલાક |
| ઈસ્ત્રી નાની | ૪૫૦/૭૦૦ | ૨ કલાક ૧૩ મિનિટ થી ૧ કલાક ૨૬ મિનિટ |
| ઈસ્ત્રી મોટી | ૧૦૦૦ | ૧ કલાક |
| વૉટર હીટર: (૧)ઇમર્સન રૉટ | ૧૦૦૦ | ૧ કલાક |
| (૨) સ્ટોરેજ ૧૦-૨૦ લીટર | ૨૦૦૦ | ૩૦ મિનિટ |
| (૩) ઈન્ટસ્ન્ટ | ૩૦૦૦ | ૨૦ મિનિટ |
| ૧ ટન એરકંડીશનર | ૧૪૦૦ | ૪૩ મિનિટ |
| ૧.૫ ટન એરકંડીશનર | ૧૮૦૦ | ૩૩ મિનિટ |
| એરકુલર: | ૧૭૦ | ૫ કલાક ૫૩ મિનિટ |
| રેફ્રીજરેટર નાનુ: | ૧૪૦-૨૨૫ | ૨ યુનિટ /દિવસ |
| રેફ્રીજરેટર મોટુ | ૩૩૦-૩૫૦ | ૪ યુનિટ/દિવસ |
| ટોસ્ટર | ૮૦૦ | ૧ કલાક ૧૫ મિનિટ |
| ઓવન | ૧૦૦૦ | ૧ કલાક |
| મિક્ચર (જ્યુસર) મોટુ | ૪૫૦ | ૨ કલાક થી ૩૦ મિનિટ |
| વોશીંગ મશીન (ફુલ ઓટો) | ૩૨૫/૮૦૦ | ૩ કલાક ૫ મિ. થી ૧ કલાક ૨૦ મિ. |
| વોશીંગ મશીન (સેમી ઓટો) | ૨૦૦ | ૫ કલાક |
| ઘરઘંટી | ૭૦૦-૭૫૦ | ૬૬ કલાક ૪૦ મિનિટ |
| વેક્યુમ કલીનર | ૧૫ | ૫૦ કલાક |
| રેડીયો | ૨૦ | ૧૬ કલાક ૪૦ મિ. થી ૮ કલાક ૨૦ મિ. |
| ટી.વી. | ૬૦-૧૨૦ | ૨૫ કલાક |
| વિડીયો | ૪૦ | ૨૫ કલાક |
| મચ્છરોને દુર કરવાનું ઉપકરણ | ૫ | ૨૦૦ કલાક |
| ૧/૨ હોર્સ પાવર પાણીનો પમ્પ | ૩૭૫ | ૨ કલાક ૪૦ મિનિટ |
| ૧ હોર્સ પાવર પાણીનો પમ્પ | ૭૫૦ | ૧ કલાક ૨૦ મિનિટ |
| વૉટર પ્યોરીફાઈર | ૨૫ | ૪૦ કલાક |
| કોમ્પ્યુટર | ૧૦૦-૧૫૦ | ૧૦ થી ૧૫ કલાક |

(૧ કલાક માટે ૧૦૦૦ વોટનો વીજળીનો વપરાશ = ૧ કે. ડબલ્યુ. એચ. = ૧ યુનિટ)

નોંધ: વાસ્તવિક વીજ વપરાશ વીજળીનાં સાધનોની ગુણવત્તા. આયુષ્ય તેમ જ વપરાશનાં સૂચનો ઉપર આધારિત છે. ઉપરોક્ત માહિતી આપને વીજ વપરાશનું યોગ્ય આયોજન કરવામાં મદદરૂપ થઈ રહેશે.




# ચિત્રકારોની નજરે વીજવિતરણ

**આપણા યુજીવીસીએલ પરિવારના સભ્યો આપણી રોજબરોજની કામગીરીને કેવી રીતે જુએ છે? આવો જાણીએ, તેમણે દોરેલાં ચિત્રોની મદદથી. આપ પણ આ પ્રકારનાં ચિત્રો મોકલી શકો છે, 'આપણું યુજીવીસીએલ'માં પ્રસિદ્ધ કરવા માટે!**




**બાળચિત્રકાર :** જાહ્નવી ખાલપડા
**વાલી :** આશાબેન એન. ખાલપડા
ડેપ્યુટી એન્જિનીયર, સાબરમતી વર્તુળ કચેરી



**બાળચિત્રકાર :** હિરેન આર. પરમાર
**વાલી :** રસિકભાઈ એમ. પરમાર
ગેસ્ટહાઉસ એટેન્ડન્ટ, સાબરમતી ડિવિઝન ઓફિસ



**ચિત્રકાર :** સી. એસ. પંચાલ
નિવૃત્ત સહાયક સચિવ, મહેસાણા સર્કલ ઓફિસ

## સીધી લીટીનો પ્રવાસ

હજુ હમણાં સુધી કાળા કેશનો એને કેફ હતો,
મારી જ વાત હતી મેળામાં, એવો વહેમ હતો,

તબિયત લાગે ગુલાબી, થોડો તોય સંદેહ હતો,
ખબર પડી શરીરમાં દુઃખનો છુપો પ્રવેશ હતો,

જીવનમાં વર્ષો ઘટે નહિ, વધતા રહે હર હંમેશ,
વેગે વીતી ગઈ વેળા, શેષે એક અફસોસ હતો,

સમજનું ઓસડ ને દવા ખુલાસાની ખૂટી પડે,
સૌમાં એકસરખો અહીં ગેરસમજનો રોગ હતો,

શિખર પર પહોંચીને, નીચે ઉતરવું હોય સહજ,
અનાયાસ આ બસ સીધી લીટીનો પ્રવાસ હતો.

*– ઘનશ્યામ પટેલ*
*નાયબ ઈજનેર, વિજાપુર*



## ઉન્નત ઉત્તર વીજ કંપની

અમે યુજીવીસીએલ તણા સૌ
કર્મવીરો,
ધરા ઉત્તર ગુજરાત અજવાળીએ.

હર ગામ, ગામ હર નગર નગર,
વીજ દીવડે ઘર ઘર પ્રકાશીએ.

જ્યાં વહે વીજ વાહિની વગડે વગડે,
ખેતર ખેતર પાતાળ પાણી વહાવીએ.

વીજકંપની અમારી ગૌરવવંતી,
અવિરત અહીં વીજળી સદા
વહાવીએ.

સુજલામ સુફલામ ધરા પરે,
ગામ ગામ જયાં જ્યોતિગ્રામ છે.

વીજળી તણા સદા પ્રાણ સંચારે,
ઉન્નત અમારી કામગીરી ને,
હો ભાવી ઉજ્જવળ, અમ નેમ છે.

ઉન્નત ઉત્તર વીજ કંપની ને,
જય જય ગરવી ગુજરાત છે.

*– ઘનશ્યામ પટેલ*
*નાયબ ઈજનેર, વિજાપુર*

## એક ક્ષણ આવશે અને શ્વાસની દોર તૂટશે

એક ભયાનક કોલાહલ અને પછી,
બધુ શાંત થઈ જશે.

ફુલ- અબીલ-ગુલાલ અને આગ,
અંતે બધું જ રાખ થઈ જશે.

હશે દુઃખેથી દિવાલો પર વેદનાની છત,
સુઃખની બારીઓમાં,આછું અંધારુ છવાઈ જશે.

ઘટનાઓની ઘટમાળ અને યાદોની ભરમાર,
વર્તમાન મારું અસ્તિત્વ,
ધીમેથી હવે ભૂતકાળ થઈ જશે.

જોડાયો જે ક્ષણથી તારી સાથે,
આજકાલની સાતત્ય ભર્યુ સહઅસ્તિત્વ,
હવે એકાંત થઈ જશે.

હશે બધું જ તારી સાથે અને તારી પાસે,
તોયે કયાંક કદીક ક્ષણ-ભર,
વળશે ડૂમો અને હ્રદયમાં,
ખાલીપો ભરાઈ જશે.

અન્યમનસ્ક ડાબો હાથ, શોધશે મારો સ્પર્શ,
અને થીજેલી ક્ષણોનો બરફ,
અંગાર થઈ જશે.

હ્રદયે સળગતો દાવાનળ,
આંખો-પાપણનો ઝાકળથી,
ઠરશે, અને સૂનકાર થઈ જશે.

લખજો મારુ નામ પાણીની સપાટી પર,
લાગણીની શાહીથી,
તું અને હું અજય એકાકાર થઈ જશે.

*– અજય વખારીયા*
*નાયબ ઈજનેર, મહેસાણા વિભાગીય કચેરી*

## સફળતાનાં ૧૦ સૂત્રો




૧. શિક્ષક સફળતાનાં દ્વાર ખોલી આપે છે, પણ તેમાં પ્રવેશ તો આપણે જ કરવાનો હોય છે.

૨. હું શું કરી શકીશ, એ દૃષ્ટિથી તમે તમારા મનમાં ઝાંકી શકો, પણ ધ્યાન રાખો કે બીજા એ દૃષ્ટિથી તમને જોશે કે તમે શું કર્યું છે.

૩. કોઈને કહેવાની જરૂર નથી કે તમે શું કરી શકો છો. પહેલાં કરો અને પછી કહો, આમ તો કહેવાની પણ જરૂર નથી કારણ કે જે કર્યુ છે તે આપોઆપ નજરમાં આવી જશે.

૪. કાર્ય આરંભ કરો કારણ કે કાર્ય આરંભ કરશો એટલે બુદ્ધિ ચાલવા માંડશે નિરંતર કાર્ય કરતા રહેવાથી કાર્ય પૂર્ણ થઈ જાય છે.

૫. થાક્યા વગર કામ કરો, કેમ કે સતત કરેલું કામ હંમેશા સફળ થાય છે અને થાક એ આરામનું બહાનું છે.

૬. આરંભ કરેલું કાર્ય ક્યારેય અધુરું છોડવું નહીં.

૭. જો કાર્ય કરવાની ધગશ નહિ હોય તો મોટા વિદ્વાન હોય તોય કશું કરી શકતા નથી.

૮. કોઈ પણ કાર્યનો પ્રારંભ ડર વિના કરો તો ધીરે ધીરે મુશ્કેલી આપમેળે દુર થઈ જશે.

૯. નિષ્ફળતાથી ગભરાશો નહિ, નિષ્ફળતામાં જ સફળતાનું સૂત્ર રહેલું છે. એ જાણી લો કે જેટલી નિષ્ફળતા થાય તેટલી મોટી સફળતા મળે છે.

૧૦. તમે જાણો છો કે પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી, તો પણ પ્રતિક્ષામાં રહો છો કે પરિશ્રમ ન કરવો પડે અને કાર્ય પૂર્ણ થઈ જાય.

# પ્રેઝન્ટેશનની મૂળભૂત કુશળતા

તમારી કામગીરીના ભાગરૂપે ઘણીવાર તમારે વિવિધ પ્રકારના ઓડિયન્સ સામે પોતાનું પ્રેઝન્ટેશન આપવાના સંજોગ ઊભા થયા હસે. આ ઓડિયન્સમાં બોર્ડ મેમ્બર્સ, કર્મચારીઓ, સહયોગીઓ, ગ્રાહકો સામેલ હોઈ શકે છે.

પ્રેઝન્ટેશન પોતાની વાત સમજાવવાની એવી રીત છે જેના દ્વારા ક્યારેક કંઈક મેળવી શકાય છે તો ક્યારેક કંઈક ખોવાયાની લાગણી પણ થાય છે. અસરકારક અને યોગ્ય વસ્તુ મેળવવા તથા આપવા જેવું પ્રેઝન્ટેશન આપવું હોય તો થોડું માર્ગદર્શન જરૂરી છે.

### પ્રેઝન્ટેશન આપવા માટે સર્વપ્રથમ તેની ડિઝાઇન તૈયાર કરી દોઃ

૧. તમારા મુખ્ય ત્રણ કયા ધ્યેય છે જેને પૂર્ણ કરવા પ્રેઝન્ટેશન આપી રહ્યા છો તે નક્કી કરો. ઓડિયન્સ સાથે વાત કરવી તે પૂરતું નથી, માટે તમારે ઓડિયન્સને શું શીખવવું છે કે જણાવવું છે તે સ્પષ્ટ હોવું જરૂરી છે. તેને કાગળ પર લખી રાખો.

૨. તમે એ જાણી લો કે તમારું ઓડિયન્સ કોણ છે અને તેમને માટે આ મીટિંગ શા માટે જરૂરી છે. તમારી વાત શરૂ થતાં જ તેમને ખબર પડી જશે કે તેઓએ આ પ્રેઝન્ટેશનમાં આવવાનું શા માટે નક્કી કર્યુ છે અથવા તેમને શા માટે આમંત્રણ મળ્યું છે. આનો અર્થ એ કે તમારે આમંત્રણ આપતાં પહેલાં જ નક્કી કરી દેવાનું રહેશે કે તમે કોને માટે શું કરી રહ્યા છો.



૩. ઓડિયન્સમાં આવેલી દરેક વ્યક્તિ તમારી વાત સમજી જશે તો શું તમને તમારું ધ્યેય પૂર્ણ થતું લાગશે? એ રીતે જ તૈયારી કરો.

૪. તમે જ્યારે બોલવાનું શરૂ કરવાના હો ત્યારે કેવો ટોન રાખશો તે નક્કી કરી રાખો. તમારા અવાજથી જ ઓડિયન્સને આશા, ઉત્સાહ, ટીમવર્ક, કંઈક કરી છૂટવાની લગન જેવા ભાવ મહેસૂસ થવા જોઇએ. આથી તમારા ઓડિયન્સના મૂડ પણ તમારી સાથે બદલાવા જોઇએ.

૫. પ્રેઝન્ટેશન શરૂ કરતાં પહેલાં થોડી પ્રસ્તાવના પણ લખી રાખો જેમ કેઃ
- તમારા ધ્યેય વિશે જણાવવું
- ઓડિયન્સને તેના લાભ જણાવવા
- પ્રેઝન્ટેશનના લેઆઉટ વિશે જણાવવું

૬. સમય નિર્ધારિત કરી દેવો કે તમે કેટલું બોલશો અને કેટલું દેખાડશો

૭. છેલ્લા થોડા સમયમાં આખા પ્રેઝન્ટેશનને ટૂંકાણમાં સમજાવો પડશે

૮. સવાલ-જવાબની પણ જગ્યા રાખવી પડશે.

### પ્રેઝન્ટેશનને અસરકારક બનાવવા માટે કેટલીક વસ્તુઓ તૈયાર કરવી પડશેઃ

કદાચ તમે કોઇ લેખ, રીપોર્ટ કે ચિત્ર દેખાડવા માગતા હો અથવા સ્લાઇડ કે પછી કમ્પ્યુટર દ્વારા પ્રોજેક્ટ સ્ક્રીન પર દેખાડવા માગતા હો તો તેની નીચે પ્રમાણે તૈયારી કરી દો.

૧. લેખ, રીપોર્ટ કે ચિત્ર દેખાડવાનો હોય તો તે પહેલેથી વંચાય અને દેખાય તે રીતે

તૈયાર રાખો. બધાને વહેંચવાના હો તો તેટલી કોપી તૈયાર કરાવશો.


૨. સ્લાઇડ કે કમ્પ્યુટર દ્વારા પ્રોજેક્ટ સ્ક્રીન પર દેખાડવાના હો તો કમ્પ્યુટર બરાબર ચાલે છે કે નહીં ઉપરાંત સ્લાઇડ એક પછી એક બરાબર ગોઠવેલી છે કે નહીં અથવા કમ્પ્યુટરનો પ્રોગ્રામ વ્યવસ્થિત છે કે નહીં તે ચેક કરી લેવું.

૩. સ્લાઇડ દેખાડતાં દરેક વખતે લગભગ ૩-૪ મિનિટનો સમય તેમાં લાગતો હોય છે તેથી તે પ્રમાણે જ સ્લાઇડની સંખ્યા પસંદ કરવી.

૪. પ્રેઝન્ટેશનની દરેક વિગત તમારા લેખ કે રીપોર્ટમાં લખી હોય તો તે તમારું લેક્ચર પૂર્ણ થયા પછી જ વહેંચજો નહીં તો ઓડિયન્સ તમને સાંભળશે ઓછું, વાંચશે વધુ.

૫. ઓડિયન્સને સામગ્રીની સાથે કોરા કાગળ અને પેન આપજો જેથી જો તેઓ લઇને ન આવ્યા હોય તે તમારા લેક્ચરના મહત્ત્વના મુદ્દા તેઓ નોંધી નહીં શકે અને તેમને પ્રશ્નો લખવા માટે પણ કામ લાગશે.

**અસરકારક રીતે પ્રેઝન્ટેશન આપવું એ એક આગવી કળા છે. તમે જેટલા જલદી તેમાં પારંગત થશો તેટલો ઝડપથી તમને તમારી કારકિર્દીમાં લાભ થશે.**



## પ્રેઝન્ટેશન વખતે ધ્યાન રાખવા જેવી કેટલીક વાતો

- જો ઓડિયન્સમાં ઓછા લોકો હોય તો બોલતી વખતે આઇ-કોન્ટેક્ટ રાખો.
- અવાજમાં આરોહ-અવરોહ જાળવી રાખો, ઓડિયન્સને લાગવું જોઇએ કે તેઓ કોઇ મિત્ર સાથે વાત કરી રહ્યા છે.
- અવાજમાં તમારી લાગણી છે એવું લાગવું જોઇએ નહીં તો ઓડિયન્સ બોર થઇ જશે.
- ઊભા રહો તો ધ્યાન રહે તમે તમારું બેલેન્સ યોગ્ય રીતે જાળવીને ઊભા રહો. ચાલતી વખતે શૂઝનો અવાજ ન આવે તે જુઓ.
- હાથને વધુ ઉપર નીચે ઘુમાવો નહીં, ઓડિયન્સ વધુ પડતી હલનચલન જોતાં કે વધુ પડતા હાવભાવ જોતાં કંટાળી જશે. તેમની સાથે નોર્મલ રહીને જ વાત કરો.

પ્રેઝન્ટેશન પૂર્ણ થતાં જો કોઇ મળવા આવે તો તેમની સાથે સામાન્ય રહી વાત કરો, તેમને સાંભળો અને તેમની સમસ્યા હોય તો જુદા સમયે મળવાનું નક્કી કરો. તેમના સવાલના જવાબ આપતા જુઓ કે તમારા જવાબથી તેમને સંતોષ થયો છે. વાત કરતાં અન્યની ટીકા કે કોઇ ટિપ્પણી ન કરો, દરેક સાથે સકારાત્મક વલણ રાખો, લોકો તમારો આ ગુણ તરત જ ધ્યાનમાં લેશે. ■



# પારખીએ પોતાની શક્તિ

**પોતાની શક્તિઓને ઓળખો-પરખો અને તે પ્રમાણે જ વર્તો. જેવી સંગત હશે તેવી તમારી મનોવૃત્તિ થશે તેથી સંગત સારી હોવી જોઇએ . ઉમદા વિચારો ધરાવતી વ્યક્તિઓ સાથે રહેવાથી ઉમદા વિચારો કાયમ રહેશે.**

એક માણસને ગરૂડનું ઈંડુ મળ્યું અને તે ઈંડુ પોતાને ઘેર લઈ ગયો. તે ઇંડાને પોતાના ઘરની પાછળના વાડામાં મરઘીના ઈંડા સાથે મુકી દીધુ. ઈંડામાંથી બધાં બચ્ચા બહાર આવ્યા અને એક સાથે મોટાં થવા લાગ્યાં. આમ ગરૂડનું બચ્ચું પણ મરઘીનાં બચ્ચાં સાથે મોટું થવા લાગ્યું. એક દિવસ એ માણસે વિચાર્યુ કે ગરૂડનું બચ્ચું શું કરે છે તે જોવું જોઈએ. તે તેમને જોવા ગયો. તેણે જોયું તો ગરૂડનું બચ્ચું મરઘીનાં બચ્ચા સાથે રમતું હતું અને કુકડે કુક એવું બોલતું હતુ અને પોતાની પાંખો ફેલાવી થોડું ઊંચે સુધી ઊડતું હતું.

સમય વીતતો ગયો અને એ ગરૂડનું બચ્ચું મોટું થયું અને પછી ઘરડું થઈ ગયું. એક દિવસ તેણે આકાશમાં એક મહાકાય પક્ષી જોયું તે બહુ જ શક્તિશાળી હતું, એની મજબૂત અને સુવર્ણ પાંખોથી આકાશમાં ઊંચે સુધી ઊડી શકતું હતું. ગરૂડ ગભરાઈ તો ગયું પણ તેને થયું કે તે મારા જેવું જ લાગે છે. આ કોણ છે? તેણે પૂછ્યું. મરઘીએ કહ્યુ, આ પક્ષીઓનો રાજા ગરૂડ છે. જે આકાશમાં ખૂબ જ ઊંચે ઊડે છે અને આપણે પૃથ્વી પર જ ઊડીયે છીએ. મરઘાં સાથે મોટું થયેલું ગરુડ ક્યારેય સમજી જ શક્યું નહીં કે તે પણ ગરુડ હતું, તે પણ આકાશમાં ઊંચે ઊડી શકે તેમ હતું. તેને પોતાની અંદર રહેલી આકાશમાં ઊંચે ઊડવાની શક્તિઓ વિશે ખબર જ ન હતી. તેનુ જીવન મરઘીઓની સાથે જમીન પર જ વીત્યું.

દરેક વ્યક્તિઓએ પોતાની શક્તિઓને ઓળખવાનો સતત પ્રયત્ન કરતાં રહેવું જોઈએ.

## રીસાઈકલિંગ ફેક્ટ્સ

- રીસાઈકલિંગ એવી પ્રક્રિયા છે જેના દ્વારા જૂની અથવા નકામી વસ્તુને નવી બનાવવામાં આવે. આમ કરવાથી ઉપયોગી વસ્તુને વેસ્ટ બનતી અટકાવે છે અને પ્રદૂષણ અટકે છે.



- વિવિધ મટીરિયલનું રીસાઈકલિંગ થઈ શકે છે જેવાં કે કાગળ, પ્લાસ્ટિક, કાચ, ધાતુ, કાપડ અને ઈલેક્ટ્રોનિક ઉપકરણ.
- રીસાઈકલિંગ એ કોઈ નવો વિચાર નથી, ઈતિહાસમાં પણ અનેક વસ્તુઓનું રીસાઈકલિંગ કર્યાનો ઉલ્લેખ છે.
- નકામી વસ્તુ ભેગી કરવાની વિવિધ પદ્ધતિઓ છે. આમાં ચોક્કસ જગ્યા કે ગાડીમાં નકામી વસ્તુઓ ભેગી થાય છે, કેટલીક નકામી વસ્તુઓના બદલામાં બીજી કોઈ વસ્તુ કે પૈસા મળતા હોય છે.
- કચરાના ઢગલામાંથી ધાતુને છૂટી પાડવા માટે લોહચૂંબકનો ઉપયોગ કરવામાં આવે છે.

**વિડીયો ગેમ્સ અથવા ટીવી કરતાં બહારની રમતો રમવાનું રાખો, ઊર્જા બચશે અને તમે શરીરથી સ્વસ્થ રહેશો.**

## એનર્જી ફેક્ટ્સ

- ઊર્જા એટલે કે એનર્જી શબ્દ ગ્રીક શબ્દ એનર્જીયામાંથી આવ્યો છે.
- મોટા ભાગની એનર્જી કાઈનેટિક (ગતિને લગતી ઊર્જા) અથવા પોટેન્શિયલ (સંભવિત ઊર્જા) હોય છે.
- પોટેન્શિયલ ઊર્જાના સામાન્ય દાખલા કહીએ તો તેમાં હીટ એનર્જી (ઊષ્ણઊર્જા), ઈલાસ્ટિક એનર્જી (સ્થિતિસ્થાપક ઊર્જા), કેમિકલ એનર્જી (રસાયણ ઊર્જા), સાઉન્ડ એનર્જી (ધ્વનિઊર્જા) , ન્યુક્લીઅર એનર્જી (અણુઊર્જા), જીઓથર્મલ એનર્જી અને ગ્રેવિટેશનલ એનર્જી (ગુરુત્વાકર્ષણ ઊર્જા) સામેલ છે.
- કાઈનેટિક એનર્જી એટલે ગતિમાન ઊર્જા જે હલનચલન દ્વારા ઉત્પન્ન થાય છે. ચાલતી કારમાં અને બાસ્કેટ બૉલ પહોંચાડતી વખતે વપરાય તે કાઈનેટિક ઊર્જા હોય છે.
- ઊર્જાને એક ફોર્મમાંથી બીજા ફોર્મમાં લઈ જઈ શકાય છે. જ્યારે વીજળી પડે છે ત્યારે ઈલેક્ટ્રિક પોટેન્શિયલ એનર્જી લાઈટ, હીટ અને સાઉન્ડ એનર્જીમાં બદલાય છે.
- એનર્જીને એકમાંથી બીજા ફોર્મમાં બદલી શકાય છે તે નવી ઉત્પન્ન કરવી અથવા ખતમ કરવી એ શક્ય નથી.
- આલ્બર્ટ આઈનસ્ટાઈનના ફોર્મ્યુલા પ્રમાણે ઈ = એમસી સ્ક્વેર થાય (ઊર્જા = માસ ગુણ્યા લાઈટની સ્પીડનો વર્ગ)
- ખોરાકમાંથી કેમિકલ એનર્જી મળે છે જે જીવોને વૃદ્ધિ કરવામાં ઉપયોગી સાબિત થાય છે. ખોરાક કેલરીમાં માપી શકાય છે.
- વિન્ડ ફાર્મ્સમાં બહોળી સંખ્યામાં વિન્ડ ટર્બાઈન મૂકેલી હોય છે જે વિન્ડ એનર્જીને ઈલેક્ટ્રિસિટીમાં પરિવર્તિત કરે છે. વિન્ડ પાવરથી ઈલેક્ટ્રિસિટી ઉત્પન્ન કરવાનું કાર્ય વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૮ દરમિયાન લગભગ બે ગણું વધી ગયું હતું.
- વનસ્પતિ સૂર્યપ્રકાશ દ્વારા ઊર્જા મેળવી ફોટોસિન્થેસિસની પ્રક્રીયા કરે છે.
- તરણપુલ પર ડાઈવિંગ બોર્ડ પર ઊભેલી વ્યક્તિમાં ગ્રેવિટેશનલ પોટેન્શિયલ એનર્જી હોય છે.
- કેમિકલ રીએક્શન દરમિયાન કેમિકલ ઊર્જા લાઈટ અથવા હીટમાં ફેરવાય છે.
- ખેંચાયેલા રબર બેન્ડથી અથવા દબાયેલી સ્પ્રિંગથી ઈલાસ્ટિક પોટેન્શિયલ એનર્જી ઉત્પન્ન થાય છે.

## લાઈટ ફેક્ટ્સ



- ફિઝિક્સમાં, લાઈટ્સ એટલે ઈલેક્ટ્રોમેગ્નેટિક રેડિયેશન. આપણે રોજબરોજ જે લાઈટ જોઈએ છીએ તે ઈલેક્ટ્રોમેગ્નેટિક સ્પેક્ટ્રમ (રંગપટ) પરનો એટલો જ ભાગ દેખાય છે જે માનવ આંખ જોઈ શકે.
- કેટલાક પ્રાણીઓ સ્પેક્ટ્રમનો એ ભાગ જોઈ શકે છે જે માનવ આંખ જોઈ શકતી નથી. દા.ત. મોટી સંખ્યામાં જંતુઓ અલ્ટ્રાવાયોલેટ લાઈટ જોઈ શકે છે.
- યુવી લાઈટ્સ જે માનવ આંખ જોઈ શકતી નથી તે ફોરેનસિક વૈજ્ઞાનિકો ખાસ ઉપકરણથી જોઈ શકે છે.
- ઈનફ્રારેડ લાઈટની તરંગલંબાઈ એટલી લાંબી હોય છે જે માનવ આંખ જોઈ શકતી નથી.

# મગજ કસો, સાચા જવાબ આપો

**૧. નીચેનામાંથી કયું ફોસિલ ફ્યુઅલ નથી?**

લાકડું

તેલ

કોલસો

પેટ્રોલિયમ

**૨. એક કારમાં એક લીટર ગેસ વાપરવાથી વાતાવરણમાં કેટલો કાર્બન ડાયોક્સાઈડ ફેલાશે?**

બિલકુલ નહીં, ગેસ વાપરવાથી વાતાવરણમાં કાર્બન ડાયોક્સાઇડ ફેલાતો નથી.

૨.૪ કિલોગ્રામ

૨૪ કિલોગ્રામ

૩. પેટ્રોલિયમ એટલે શું?

રોક ઓઇલ

પ્રાચીન દરિયાઇ પ્રાણી

સ્વેમ્પ ગેસ

**૪. આમાંની કઈ માનવ પ્રવૃત્તિઓ એવી છે જે ગ્લોબલ વોર્મિંગ માટે જવાબદાર છે?**

સ્કૂટર ચલાવવું

વૃક્ષોનો નાશ કરવો

ફોસિલ ફ્યુઇલ વાપરીને ઊર્જા પ્રાપ્ત કરવી

**૫. કોલસા શેમાંથી બને છે?**

ડેડ પ્લાન્ટ્સથી

ડાયનોસોર ફોસિલ્સથી

વૈજ્ઞાનિકોએ ભેગાં કરેલા રસાયણોથી

**૬. ફોસિલ ફ્યુઇલમાંથી મળતી ઊર્જા વિશ્વની કેટલા ટકા ઊર્જા હોય છે?**

બિલકુલ નહીં

૯૦ ટકા

૪૦ ટકા

**૭. કયા ફોસિલ ફ્યુઅલથી ઓછામાં ઓછો કાર્બન ડાયોક્સાઇડ ઉત્પન્ન થાય છે?**

કુદરતી ગેસ

કોલસો

તેલ



**જવાબ : (૧)** લાકડું

ફોસિલ ફ્યુઇલ તેના નામ પ્રમાણે જ ગુણ ધરાવે છે કારણ કે ફોસિલ એટલે જૂના પત્થરોમાંથી મળી આવતા પ્રાચીન વનસ્પતિ અને પ્રાણીઓ જે બળતણ માટે ઉપયોગમાં લેવાય છે. એ વસ્તુ જે બળે છે અને ઊર્જા ઉત્પન્ન કરે છે. કોલસો, તેલ અને કુદરતી ગેસ ફોસિલ ફ્યુઇલ છે. લાકડું ફોસિલ ફ્યુઇલ નથી.

**જવાબ : (૨)** ૨.૪ કિલોગ્રામ

દરેક કારમાં એક લીટર ગેસ બળવાથી લગભગ ૨.૪ કિલોગ્રામ કાર્બન ડાયોક્સાઇડ વાતાવરણમાં ફેલાય છે. કેનેડામાં, એવરેજ કાર ૫.૩ ટન કાર્બન ડાયોક્સાઇડ બહાર કાઢે છે. તે કારના વજનથી વધુ છે. આખા વિશ્વમાં કાર, ટ્રક્સ, અને અન્ય વાહનો દ્વારા દર વર્ષે ૯૦૦ મિલિયન ટન્સ કાર્બન ડાયોક્સાઇડ ફેલાય છે.

**જવાબ :** (૩) રોક ઓઇલ

પેટ્રોલિયમ એટલે રોક ઓઇલ. ગ્રીકમાં પેટ્રા એટલે રોક એટલે પત્થર અને ઓલિયમ એટલે ઓઇલ એટલે તેલ. તેથી પેટ્રા અને ઓલિયમ મળીને પેટ્રોલિયમ શબ્દ બન્યો.

**જવાબ : (૪)** ફોસિલ ફ્યુઇલ વાપરીને ઊર્જા પ્રાપ્ત કરવી

સાચો જવાબ! માનવ પ્રવૃત્તિમાં બળતણ માટે ફોસિલ ફ્યુઇલનો ઉપયોગ કરવો તે ગ્લોબલ વોર્મિંગ માટે જવાબદાર પ્રવૃત્તિ છે. આખા વિશ્વમાં વપરાતી ઊર્જામાં મુખ્યત્વે કરીને કોલસો, તેલ અને કુદરતી ગેસ વપરાય છે. ઊર્જા પ્રાપ્ત કરવા માટે વાપરવામાં આવતા ફોસિલ ફ્યુઇલથી કાર્બન ડાયોક્સાઇડ ઉત્પન્ન થાય છે જે ગ્રીનહાઉસ માટે જવાબદાર હોય છે.

**જવાબ : (૫)** ડેડ પ્લાન્ટ્સથી

તદ્દન સાચું! યુગો પહેલાં કીચડવાળી જમીનમાં પડેલી વનસ્પતિમાંથી કોલસો મળે છે. જ્યારે છોડ મરી જાય ત્યારે તેને જમીનમાં દાટી દેવામાં આવે છે. સમય જતાં કુદરતી ગરમીથી અને દબાણથી તે કોલસામાં પરિવર્તિત થાય છે. કોલસો બનતાં લગભગ ૪૪૦ મિલિયન વર્ષો લાગે છે.

**જવાબ : (૬)** ૯૦ ટકા

સાચું, વિશ્વમાં ઘર ગરમ રાખવા કે રસોઇ બનાવવા, કાર ડ્રાઇવ કરવા જેવા કાર્યોમાં કોલસો, તેલ અને કુદરતી ગેસ વપરાય છે તે વિશ્વમાં વપરાતી ઊર્જાના ૯૦ ટકા હોય છે.

**જવાબ : (૭)** કુદરતી ગેસ

સાચું છે, કોલસો અને તેલ કરતાં કુદરતી ગેસ દ્વારા ઓછામાં ઓછો કાર્બન ડાયોક્સાઇડ ઉત્પન્ન થાય છે. કોલસો બળે ત્યારે સૌથી વધુ કાર્બન ડાયોક્સાઇડ ઉત્પન્ન થાય છે.




U G V C L

# આપણું યુજીવીસીએલ

**આ અંક આપને કેવો લાગ્યો?**

આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેનાં ઈમેઈલ આઈડી પર કે આસિસ્ટન્ટ મેનેજર (પબ્લિક રીલેશન્સ)ને મોકલી શકો છો.

cs@ugvcl.com
kinjalsathwara@ugvcl.com
sanaik_41262@yahoo.co.in